# लघु संग्रहणी सह पद्यानुवाद



सर्वोदय ग्रंथावली ६४१

संयोजक - प.पू. श्रुतोपासक मुनिश्री सर्वोदयसागरजी म. सा.

।। उदयो भवतु सर्वेषाम् ।।

# श्री चारित्ररत्न फा. चे. ट्रस्टनी विविध प्रवृतिओनी झलक

- *श्री गृहमंदिरनी योजना*
- *श्री जिन प्रतिमाजीनी अष्ट मंगल पाटली योजना*
- *श्री गुरुमूर्तिओनुं निर्माण*
- *श्री ताम्रयंत्रोनी संकलना*
- *श्री आगम साहित्य*
- *श्री अर्वाचीन साहित्य*
- *श्री प्राचीन साहित्यनुं पांच-छ भाषामां संकलन*
- *श्री मल्टीकलर साहित्य*
- *पू. आ. श्री गुणसागरसूरि ज्ञानसंस्कार शिबिरनुं आयोजन*
- *गुरुगुण गीत गंगा केसेटोनुं आयोजन*



## पुस्तक प्राप्ति स्थान





**विराग-तेजस-ऋजु गंगर**
रमेश अपार्टमेन्ट, अहिल्या बाग सामे, थाणा

**श्री सोमचंद भाणजी लालका**
मुंबई गली, पो.-अमलनेर,
जि.-जलगाम, महाराष्ट्र-४२५४०१

**मनोज जैन**
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा, गांधीनगर, ३८२००७

सर्वोदय ग्रंथावली - ६४१
[illegible]मायिक [illegible] - [illegible]१

श्री हरिभद्रसूरिकृत

# लघु संग्रहणीनो मूळ साथे गुर्जर पद्यानुवाद

## पद्यानुवाद रचयिता

कच्छ हालार देशोद्धारक - अचलगच्छेश प. पू. आ. भ. श्री गौतमसागरसूरीश्वरजी म. सा. ना प्रतापी पट्टधर कलिकाल कल्पतरु जंगमयुगप्रधान अचलगच्छाधिपति प. पू. आ. भ. श्री गुणसागरसूरीश्वरजी महाराजा

## प्रकाशक

श्री चारित्ररत्न फा. चे. ट्रस्ट

सौजन्य :- श्री जैन श्वे. मू. पू. संघ ज्ञानखाता - सेंधवा (म.प्र.)

वीर सं. २५३५, वि. सं. २०६५, आर्य संवत ८२९, गुणसंवत - २१

॥ उदयो भवत सर्वेषाम ॥

।।श्री महावीराय नमः।।। श्री सर्वोदय पार्श्वनाथाय नमः।।। श्री गौतमस्वामिने नमः।।

अचलगच्छेश जंगमयुगप्रधान आ. श्री आर्यरक्षित जयसिंह महेन्द्रप्रभ मेरुतुंग धर्ममूर्ति कल्याण गौतम गुणसागरसूरिभ्यो नमः।।

## दिव्य कृपा

कलिकाल कल्पतरु जंगमयुगप्रधान अचलगच्छेश प.पू. आ.भ.श्री गौतम - नीति - गुणसागरसूरीश्वरजी म. सा.

## शुभ आशीर्वाद

अचलगच्छाधिपति प.पू. आ.भ.श्री गुणोदयसागरसूरीश्वरजी म. सा.

प.पू. युवाचार्य श्री कलाप्रभसागरसूरीश्वरजी म.सा.

पू. गणिवर्यो, पू. मुनिवर्यो आदि

## प्रेरणादाता

प.पू. तपस्वी मुनिराज श्री चारित्ररत्नसागरजी म.सा.

## संकलनकर्ता

प.पू. श्रुतोपासक मुनिराज श्री सर्वोदयसागरजी म.सा.

## मार्गदर्शक

प.पू. मुनिराज श्री उदयरत्नसागरजी म.सा.

## संपादक

मनोज आर. जैन - कोबा

मूल्य २५ रु. ।। उदयो भवतु सर्वेषाम्।। वि. सं. २०६५, प्रथमावृत्ति

# प्रास्ताविकम्

लघु संग्रहणी नामना आ प्रकरणमां जैन दृष्टिए भूगोळनो विचार छे. धार्मिक अभ्यासना क्रममां आगळ वधवा जेम नवतत्त्वादिनुं ज्ञान उपकारक छे तेम खगोळ-भूगोळ विगेरे विश्वसंरचनाना विषयो पण अध्यात्म जीवनमां उपयोगी होवाथी तेनुं अध्ययन मनन करवुं जरूरी छे. आत्मकल्याणना परम साधनभूत जैन शास्त्रोना अभ्यास माटे पण आ विषयनुं ज्ञान लेवुं अत्यंत आवश्यक छे.

लघु संग्रहणीमां भूगोळना खंड, योजनादि दश प्रकारना साश्वत पदार्थोनुं संक्षेपमां वर्णन छे. तेनुं विस्तारथी वर्णन जंबूद्वीपप्रज्ञप्ति आदि आगम ग्रंथोमां तेमज बृहत्संग्रहणी, क्षेत्रसमासादि मोटा ग्रंथोमां करेलु छे. ते ग्रंथोना अभ्यासमां पण आ प्रकरणनुं ज्ञान प्राथमिककक्षाए जरूरी छे.

पोते जे क्षेत्रमां हयात छे ते अने तेनी आसपासमां शुं छे तेनुं ज्ञान होवुं ए पण आत्मविकासना साधनोमांनुं एक आवश्यक अंग छे. आ प्रकरणमां उपरोक्त पदार्थोनुं टूंकमां सारभूत वर्णन करेलुं छे. संपूर्ण विश्वसंरचनाने मापवानी आपणी शक्ति नथी छतां सर्वज्ञ परमात्माना वचनो रूप आवा प्रकरणो द्वारा समजवामां आवे तो ते सरळ बने छे. आ प्रकरणना रचयिता आचार्य श्री

हरिभद्रसूरिजी छे. तेओ कया गच्छना अने क्यारे थई गया ते विशे जाणवानुं साधन हजु सुधी उपलब्ध थयुं नथी छतां तेओ महान श्रुतधर हशे तेवी कल्पना करी शकाय.

कलिकाल कल्पतरू जंगमयुगप्रधान अचलगच्छाधिपति परम पूज्य आ. भ. श्री गुणसागरसूरीश्वरजी म. सा. ए पोताना जीवनकाळ दरम्यान संस्कृत भाषामां २५००० श्लोक प्रमाण अने गुर्जरभाषामां १,००,००० श्लोक प्रमाण गद्य-पद्यमां रचनाओ करेल छे. प्रस्तुत पुस्तिकामां अमे पूज्यश्रीए हरिगीतछंदमां रचेल गुर्जरभाषाबद्ध पद्यानुवाद प्रारंभमां आप्यो छे अने पछी लघुसंग्रहणी प्रकरण मूळ आपेल छे जेथी वाचक-मुमुक्षुओ गाथाओनो स्वाध्याय अने अर्थनी अवधारणा बन्ने साथे करी शकशे. वधु ऊंडाणपूर्वक अभ्यास करवा मांगता जिज्ञासुओ माटे आ पुस्तिकाना प्रान्ते लघुसंग्रहणी प्रकरणने लगता प्राप्तसाहित्यनी टीप आपवामां आवेल छे.

परम पूज्य श्रुतोपासक विद्वान् मुनिप्रवर श्री सर्वोदयसागरजी महाराजश्रीना सत्प्रयास अने प्रेरणाथी आ रीते जीवविचार आदि चार प्रकरणो, त्रणभाष्यो अने छ कर्मग्रंथोनो मूळ साथे पद्यानुवाद सर्वप्रथमवार छपाई रह्यो छे. ते ज्ञानपिपासुओ माटे आशीर्वाद रूप सिद्ध थशे. पूज्य मुनिराज श्री उदयरत्नसागरजी म. सा. ए आ कार्यमां सुंदर मार्गदर्शन करेल छे. आ पद्यानुवादने अक्षरशः

निरीक्षण करी आपवा बदल पं. श्री चन्द्रकान्तभाई एस. संघवी-पाटणनो तेमज दरेक प्रकरणोना साहित्यनी नोंध आपवा बदल आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर-कोबा तथा पं. जितेन्द्र बी. शाहनो (एल.डी. इन्डोलोजी-अमदावाद) अन्तःकरणपूर्वक आभार व्यक्त करीए छीए.

प्रकाशन संस्था श्री चारित्ररत्नफा.चे.ट्रस्टे प्रभु महावीरना २५३५मा निर्वाण महोत्सवना उपलक्षमां २५३५ ग्रंथो प्रकाशित करवानो महान संकल्प कर्यो छे. ए संदर्भमां ५०० जेटला ग्रंथो प्रकाशित थई चूक्या छे. तेनो अमने खूबज हर्ष छे. जेमां ५०० पूजन प्रतो पैकी २०० प्रतो प्रकाशित थई गई छे, ५०० अप्रगट ग्रंथो पैकी ५० ग्रंथो प्रेसमां छे, १३५ कथा ग्रंथो छ भाषामा अने ५ भाषामां प्रकाशित थया छे जे साधु-साध्वीजीओने भणवा माटे खूबज उपयोगी छे, ४५ आगम सचित्र गुजराती, हिंदी अने अंग्रेजी भावार्थ साथे प्रकाशित थयेल छे, ३०० रास वि. मर्यादित नकलो प्रकाशित करी छे, अचलगच्छनी १०० पूजाओ पैकी ५० प्रकाशित करी छे, १०० ढालिया, १५० अचलगच्छीय आर्चार्योना संस्कृत चरित्रो, १०८ करमशी खेतशी खोनानुं अप्रगट साहित्य, १५० श्री पार्श्वभाईनुं अप्रगट साहित्य, ५१ गुणमंजूषा प्रकाशित थयेल छे. ५१ स्तोत्रो खंडान्वय-दंडान्वय अने पदच्छेद युक्त

प्रकाशन थई रह्या छे जेमां २१ स्तोत्रो प्रेसमां छे. तदुपरांत १२० सामायिकमां स्वाध्याय पुस्तिकाओ, २२५ विविध ग्रंथो आम कुल मळीने २५३५ ग्रंथो थाय छे. हमणासुधी आ कार्य धीमी गतिए चालतुं हतुं ते हवे देव-गुरु पसाये वेगवंतु चालशे एवी आशा छे.

## ट्रस्टना निर्णयो

१. हवे पछी बधा ग्रंथो मल्टी कलरमां छपाशे.

२. ग्रंथो माटे दाननी अपील बहार पडशे नहि.

३. अध्ययनमां उपयोगी माहिती अलभ्य बने तो पोस्टल खर्च तथा झेरोक्ष खर्च लईने व्यवस्था करी आपवी.

४. प्रकाशित ग्रंथो कोईने पण भेटमां आपवा नहि.

५. वि.सं २०६७ पछी योग्य समये ट्रस्टनुं विसर्जन करी देवाशे.

अन्ते वाचक वर्गने नम्र विनंति करीए छीए के प्रमादवश आमां कोई त्रुटीओ रही गई होय तो सूचित करशो जेथी पुनरावृत्तिमां सुधारो वधारो करी शकीशुं.

**- लि. श्री चारित्ररत्न फा. चे. ट्रस्टवती**

**श्री सोमचंद भाणजी लालका**

**श्री जेन्तीलाल जेठाभाई मैशेरीना**

**सादर जयजिनेंद्र**

# लघु संग्रहणीनो पद्यानुवाद

## (राग- हरिगीत छंद)

*१. मंगलाचरण*

नमी जगगुरु जगपूज्य सर्वज्ञ, वीतराग महावीरने
स्वपरहितार्थे सूत्रथी, कहुं, जंबूद्वीप पदार्थने

*२. मुख्य दश पदार्थो*

खंड योजनो वासक्षेत्रो पर्वतो कूटो श्रेणिओ तीर्थ छे
विजयो द्रहो नदीओनो संग्रह, एज अहीं संग्रहणी छे १

*३-५. खंडनुं प्रमाण*

भरत प्रमाणथी लाखने भागो, तो एकसो नेवु थाय छे
अथवा भरतमान एकसो नेवुए गुणो, तो एक लाख थाय छे
भरतसम खंड एक भरते, बे हिमवंते चउ हिमवंतवर्षे छे
महाहिमवंत पर्वते आठ हरिवर्ष क्षेत्रमान सोळ खंड छे २
बत्रीश खंडनिषधादि मळी त्रेसठ, सामे पण त्रेसठ खंड छे
महाविदेहना चोसठ त्रणे मळी, एकसो नेवुं थाय छे

*६. योजन प्रमाण खंडो*

लाखनी परिधिने तेना पा भागे गुणतां, जे खंडो थाय छे
ते सरखा चार खुणावाळा, योजन योजनना थाय छे ३

*७. परिधि अने गणितपद*

विष्कंभ वर्गना दशगुणानी करणी गोळ वस्तु परिधि छे
विष्कंभ पा भागे गुणेल परिधि, गोळ वस्तुनुं गणितपद छे

*८. जंबूद्वीपनी परिधि*

त्रण लाख, सोळ हजार, बसो सत्यावीश योजन, त्रण गाउ छे
एकसो अठ्यावीश धनु, तेर आंगळ जंबूद्वीप परिधि छे ४

*९-१०. जंबूद्वीपनुं क्षेत्रफळ*

सातसो नेवुं क्रोड, छप्पन लाख,
चोराणु सहस्त्र, दोढसो योजन छे
एक गाउ, पंदरसो पंदर धनु, साठ आंगळ जंबूद्वीप क्षेत्रफळ छे

*११. जंबूद्वीपनां सात क्षेत्रो*

भरतादि क्षेत्र सात, चार गोळ, चोत्रीश दीर्घ वैताढ्य छे
वक्षकार सोळ, चित्रविचित्र बे, यमक समक पहाडो छे ५

*१२. पर्वतो*

बसो कंचनगिरि, गजदंतगिरि, ६ वर्षधर पहाडो छे
एक मेरुगिरि मळी, बसो ओगणसित्तेर पर्वतो जंबूद्वीपे छे

*१३-१७. पर्वतोनां शिखरो*

सोळ वक्षस्कारे चार चार शिखरो, सोमनसे गंधमादने छे
सात सात शिखरो रुक्मी महाहिमवंते, शिखर आठ आठ छे ६
चोत्रीश वैताढ्य विद्युत्प्रभ, नीलवंत निषध माल्यवंत छे
ए सर्वे पर तिम मेरु पर, नव नव शिखर विद्यमान छे
हिमवंत शिखरी पहाड पर, शिखरो अगियार अगियार छे
ए एकसठ शिखरनी संख्या चारसो सडसठ थाय छे ७
चार सात आठ नव अगियार फूटथी सोळ,
बे बे बे ओगणचाळीशने
गुणी जुओ संख्या शिखरोनी चारसो सडसठ थाय छे ने
चोत्रीश विजये चोत्रीश ऋषभकूटो,
हरि हरिसह कूट एक एक छे
मेरुवन जंबूवृक्ष शाल्मलिवृक्ष ऋषभकूटो,
आठ आठ सर्वे साठ छे ८

*१८-१९. तीर्थो अने श्रेणिओ*

वरदाम मागध प्रभास तीर्थो, भरतैरवतमां छे
चोत्रीशने त्रणे गुणो, ए तीर्थोनी संख्या एकसो बे थाय छे
विद्याधरो आभियोगिक देवोनी, बे बे श्रेणिओ वैताढ्ये छे
चोत्रीशने चारे गुणतां, एकसो छत्रीश श्रेणि थाय छे ९

*२०. विजयो (जमीन परना प्रदेशो)*

चक्रीने जीतवा योग्य विजयो, जंबूद्वीपे चोत्रीश छे
छ पद्मादि महाद्रहो कुरुओमां दश द्रहो एम सोळ छे

*२१-२५. नदीओ*

गंगा सिंधू रक्ता रक्तवती ए भरतैरवते नदीओ जे छे
ते चौद चौद सहस लघुनदी साथे समुद्रमां जाय छे १०
रोहिता रोहितांशा नदी हिमवंत क्षेत्रे पूर्वपश्चिमे वहे
नदी सुवर्णकूला रूप्यकूला हिरण्यवंते पूर्वपश्चिमे वहे
अठ्यावीश अठ्यावीश सहस नदी सह जई,
ए चारे समुद्रे रहे
हरिसलिला हरिकांता महानदी हरिवर्षे पूर्वपश्चिमे वहे ११
नरकांता नारीकांता महानदी रम्यक्वर्षे पूर्वपश्चिमे वहे

छप्पन्न छप्पन्न हजार नदी सह जई ए चारे समुद्रे रहे
सीतोदा नदी निषध पहाडना तिगिच्छि द्रहथी नीकळे
तेमां देवकुरुनी चोर्याशी सहस नदी भळे विदेहनी भळे १२
सोळ विजयनी बत्रीश नदी, चौद चौद सहस नदी सह भळे
पांच लाख बत्रीश सहस सर्वे नदी, सह पश्चिमे समुद्र भळे
सीता नदी पण नीलवंत पहाड केसरी द्रहथी नीकळे
तेमां उत्तरकुरुनी चोर्याशी सहस नदी भळे विदेहनी भळे १३
सोळ पूर्व विजयोनी बत्रीश नदी,
चौद चौद सहस नदी सह भळे
पांच लाख बत्रीश सहस सर्व नदी सह पूर्वे समुद्रे भळे
छ छ अंतरनदी पण विदेहनी, सीतोदा सीता नदी सह भळे
चौद लाख छप्पन्न सहस नेवुं सर्वे नदी लवणसमुद्रे मळे १४

*२६. नदीओना मूळनो विस्तार*

गंगा सिंधू रक्ता रक्तवती नामे चोसठे नदी विजयोनी छे
विस्तार मूळमां सवा छ योजन ए चारे नदीओनो छे
अंते विस्तार दश गणो ते साडा बासठ योजन थाय छे
बाकीनी मोटी नदीओनो बमणो बमणो विस्तार छे १५

भरतैरवतनी ए चारे नदीनो काळे फेरफार थाय छे
ए चारे नदीनुं प्रमाण कह्युं, ते पहेला आरामां होय छे

*२७-२९. पर्वतोनुं प्रमाण अने तेमना रंगो*

सो योजन ऊंचा कनकमय हिमवंत शिखरी पहाड छे
रूपामय रूपी सोनामय महाहिमवंत उच्च बसो योजन छे १६
चारसो योजन ऊंचा निषध नीलवंत ए बे पहाड छे
लाल सुवर्णमय निषधाद्रि वैडूर्यरत्नमय नीलवंत छे
मेरु विना ए सर्वे पर्वतो, जे अढी द्वीप मांहे छे
ते पर्वतो ऊंचाईना चोथा भागना भूमिमांहे छे १७

*३०. रचयिता*

जंबूद्वीपे बीजा पण अनेक शाश्वत पदार्थ रहेल छे
हरिभद्र रचित प्राकृत मूळ संग्रहणी थाय पूर्ण छे

*गूर्जर पद्यना कर्ता*

बे हजार आडत्रीश आषाढ वदि त्रीजे,
तिरुपति मुंबईमां महालक्ष्मीमां
रची अचलगच्छपति गौतमनीतिगुणसूरि गूर्जर पद्यमां १८

इति लघु संग्रहणीनो गुर्जर भाषामय पद्यानुवाद संपूर्ण

भीनमालवाळा श्रेष्ठिवर्य सुश्रावक श्री गमंडीरामजी केवलचंदजी गोवाणी अने श्रीमती अंकीबेन घमंडीरामजी केवलचंदजी गोवाणीना महालक्ष्मी मुंबईमां तिरुपति एपार्टमेन्टना विशाळ मकानमां चातुर्मास रही गूर्जर पद्यमां आ संग्रहणी में-गुणसागरसूरिए शिष्योना आग्रहथी बनावी छे.

# लघु संग्रहणी मूल

नमिय जिणं सव्वन्नुं, जगपुज्जं जगगुरुं महावीरं;
जंबूद्दीवपयत्थे, वुच्छं सुत्ता सपरहेऊ. १
खंडा जोयण वासा, पव्वय कूडा य तित्थ सेढीओ;
विजय द्दह सलिलाओ, पिंडेसिं होइ संघयणी. २
णउअसयं खंडाणं, भरहपमाणेणं भाइए लक्खे;
अहवा णउअसयगुणं, भरहपमाणं हवइ लक्खं. ३
अहवेग खंड भरहे, दो हिमवंते अ हेमवइ चउरो;
अट्ठ महाहिमवंते, सोलस खंडाइं हरिवासे. ४
बत्तीसं पुण निसढे, मिलिया तेसट्ठि बीय पासे वि;
चउसट्ठी उ विदेहे, तिरासि पिंडे उ णउयसयं. ५
जोयणपरिमाणाइं, समचउरंसाइं इत्थ खंडाइं;
लक्खस्स य परिहीए, तप्पायगुणे य हुंतेव. ६
विक्खंभवग्गदहगुण, करणी वट्टस्स परिरओ होइ;
विक्खंभपायगुणिओ, परिरओ तस्स गणियपयं. ७

परिही तिलक्ख सोलस, सहस्स दो य सय सत्तवीसहिया;
कोसतिगट्ठावीसं, धणुसय तेरंगुलद्धहियं. ८

सत्तेव य कोडिसया, णउआ छप्पन्न-सयसहस्साइं;
चउणउयं च सहस्सा, सयं दिवड्ढं च साहियं. ९

गाउअमेगं पनरस, धणूसया तह धणूणि पन्नरस;
सट्ठिं च अंगुलाइं, जंबूद्दीवस्स गणियपयं. १०

भरहाइ सत्त वासा, वियड्ढ चउ चउरतिंस वट्टियरे;
सोलस वक्खारगिरि, दो चित्त विचित्त दो जमगा. ११

दोसय कणयगिरिणं, चउ गयदंता य तह सुमेरु य;
छ वासहरा पिंडे, एगुणसत्तरि सया दुन्नी. १२

सोलसवक्खारेसु, चउ चउ कूडा य हुंति पत्तेयं;
सोमणस गंधमायण, सत्तट्ठ य रुप्पिमहहिमवे. १३

चउतीसवियड्ढेसु, विज्जुप्पहनिसढनीलवंतेसु;
तह मालवंत सुरगिरि, नव नव कूडाइं पत्तेयं. १४

हिमसिहरिसु इक्कारस, इय इगसट्ठी गिरिसु कूडाणं;
एगत्ते सव्वधणं, सय चउरो सत्तसठ्ठी य. १५

चउ-सत्त-अट्ठ-नवगे-गारसकूडेहिं गुणह जहसंखं;
सोलस दु दु गुणयालं, दुवे य सगसट्ठ सय-चउरो. १६
चउतीसुं विजएसुं, उसहकूडा अट्ठ मेरुजंबुम्मि;
अट्ठ य देवकुराए, हरिकूड हरिस्सहे सट्ठी. १७
मागह वरदाम पभास तित्थ विजयेसु एरवयभरहे,
चउतीसा तिहिं गुणिया, दुरुत्तरसयं तु तित्थाणं. १८
विज्जाहर-अभिओगिय, सेढीओ दुन्नि दुन्नि वेयड्ढे;
इय चउगुण चउतीसा, छत्तीससयं तु सेढीणं. १९
चक्कीजेअव्वाइं, विजयाइं इत्थ हुंति चउतीसा;
महद्दह छप्पउमाई, कुरुसु दसगंति सोलसगं. २०
गंगा सिंधू रत्ता, रत्तवई चउनईओ पत्तेयं;
चउदसहिं सहस्सेहिं, समगं वच्चंति जलहिम्मि. २१
एवं अब्भिंतरिया, चउरो पुण अट्ठवीस सहस्सेहिं;
पुणरवि छप्पन्नेहिं, सहस्सेहिं जंति चउ सलिला. २२
कुरुमज्झे चउरासी-सहस्साइं तह य विजयसोलससु;
बत्तीसाण नईणं, चउदससहस्साइं पत्तेयं. २३

चउदससहस्सगुणिया, अडतीस नइओ विजय मज्झिल्ला;
सीओयाए निवडंति, तहय सीयाइ एमेव. २४

सीया सीओयावि य, बत्तीससहस्स पंचलक्खेहिं;
सव्वे चउदसलक्खा, छप्पन्नसहस्स मेलविया. २५

छज्जोयणे सकोसे, गंगा सिंधूण वित्थरो मूले;
दस गुणिओ पज्जंते, इय दुदु गुणणेण सेसाणं. २६

जोयणसयमुच्चिट्ठा, कणयमया सिहरिचुल्लहिमवंता;
रुप्पिमहाहिमवंता, दुसउच्चा रुप्पकणयमया. २७

चत्तारि जोयण सए, उच्चिट्ठो निसढ नीलवंतो अ;
निसढो तवणिज्जमओ, वेरुलिओ नीलवंतगिरी. २८

सव्वेवि पव्वयवरा, समयक्खित्तम्मि मंदरविहूणा;
धरणीतले उवगाढा, उस्सेह चउत्थभायंमि. २९

खंडाईगाहाहिं, दसहिं दारेहिं जंबूदीवस्स;
संघयणी सम्मत्ता, रइया हरिभद्दसूरीहिं. ३०

इति लघु संग्रहणी संपूर्ण

# लघुसंग्रहणी अंगेनी कृतिओनी सूचि

| कृति नाम | कर्ता नाम |
|---|---|
| लघुसंग्रहणी | हरिभद्रसूरि |
| लघुसंग्रहणी-(सं.)टीका | प्रभानंदसूरि |
| लघुसंग्रहणी-(सं.)टीका | उदयसूरि |
| लघुसंग्रहणी-(गु.)विशेषार्थ | चदुलाल न्हानचंद |
| लघुसंग्रहणी-(गु.)गाथार्थ | हरिशंकर कालिदास शास्त्री |
| लघुसंग्रहणी-(गु.)गाथार्थ | अमृतलाल पुरषोत्तमदास |
| लघुसंग्रहणी-(मा.गु.)बालावबोध | शातिसागरविनेय |
| लघुसंग्रहणी-(मा.गु.)यंत्र | अज्ञात जैनश्रमण |
| लघुसंग्रहणी-(गु.)पदार्थसंग्रह | हमचंद्रसूरि |
| लघुसंग्रहणी-(गु.)गरबो | चदुलाल न्हानचंद |
| लघुसंग्रहणी-(गु.)प्रश्नोत्तरी | नरवाहनसूरि |
| लघुसंग्रहणी-(मा.गु.)जंबूद्वीपगणित | अज्ञात जैनश्रमण |
| लघुसंग्रहणी-(मा.गु.)१० द्वार विचार | अज्ञात जैनश्रमण |
| लघुसंग्रहणी-(मा.गु.)खंडाजोयण बोल | अज्ञात जैनश्रमण |

# लघु संग्रहणी अंगेनी कृतिओनी सूचि

| | |
|---|---|
| लघुसंग्रहणी-(गु.)विवेचन | अमृतलाल पुरषोत्तमदास |
| लघुसंग्रहणी-(हिं.)विशेषार्थ | अमितयशविजयजी म. |
| जबुद्वीप संग्रहणी- (गु.)विवेचन | मलयकीर्तिविजय |

# नोंधपोथी


## श्री चारित्ररत्न फा. चे. ट्रस्टना प्रकाशनो

- 500 पूजनप्रतो
- 135 6 भाषाना कथाग्रन्थो (अप्राप्य)
- 350 अप्रगट ग्रन्थो हस्तप्रतोमांथी लखाई गया छे
- 45 आगमग्रन्थो (अप्राप्य)
- 120 सामयिकमां स्वाध्याय काव्यकृतिओ (क्रमसर छपाय छे)
- 25 अचलगच्छेश पू. आ. कल्याणसागरसूरि तथा पू. आ. विद्यासागरसूरि रचित स्तोत्र आधारे खंडान्वय-दंडान्वय
- 75 पू. अचलगच्छेश तथा आचार्य भ., साधु भगवंतना संस्कृतमां जीवनचरित्रो

श्री चारित्ररत्न फा. चे. ट्रस्ट तरफथी २५०० ग्रन्थो प्रकाशित करवानी भावना छे. हाल १२५० ग्रन्थोनी झलक आपी छे. लेखक 'श्री पार्श्व' नुं साहित्य क्रमसर प्रकाशित करवानी भावना छे.

*।। उदयो भवतु सर्वेषाम् ।।*

Printed by. Navprabhat 98255 98855



અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નો સર્વોદયજીનો પરિવાર
ARYA GRAPHICS - 09925801910